## સ્ટાર્ટઅપ ઈન્ડિયા માટે વડાપ્રધાને જારી કરી બ્લૂ પ્રિન્ટ : સ્ટાર્ટઅપ્સને કેપિટલ ગેઈન ટેક્સમાંથી પણ મુક્તિ

# ત્રણ વર્ષ સુધી સ્ટાર્ટઅપ્સને કરવેરામાંથી મુક્તિ : મોદી

નવી દિલ્હી, તા. ૧૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પોતાના ડ્રીમ પ્રોજેક્ટ સ્ટાર્ટઅપ ઈન્ડિયાની બ્લૂ પ્રિન્ટ રજૂ કરવામાં આવી હતી, જે યોજના અંગે તેમણે ગત વર્ષે સ્વાતંત્ર્ય દિને જાહેરાત કરી હતી તે યોજના શનિવારે નવી દિલ્હીનાં વિજ્ઞાનભવન ખાતે લોન્ચ કરાઈ હતી. તેમણે યુવાશક્તિને આહ્‌વાન કરતાં જણાવ્યું કે, આધુનિક ભારતના યુવાનો જોબ સિકરન નહીં જોબ ક્રિયેટર બને. સ્ટાર્ટઅપનાં વખાણ કરતાં તેમણે જણાવ્યું કે, આપણે ત્યાં મિલિયન સમસ્યાઓ છે તો બિલિયન માઈન્ડ છે જે તેનું નિરાકરણ લાવી શકે છે. હું સ્ટાર્ટઅપ ઈન્ડિયાને સ્ટેન્ડઅપ ઈન્ડિયા માનીને ચાલું છું. દેશમાં સ્ટાર્ટઅપ્સના વિકાસ માટે હેન્ડહોલ્ડિંગ જ સાચું અને સબળ માધ્યમ છે. એકબીજાની સાથે રહેવાથી જ વિકાસ કરી શકાશે. તેમણે સ્ટાર્ટઅપ ઈન્ડિયાની બ્લૂ પ્રિન્ટ અંગે માહિતી આપતાં જણાવ્યું કે, દરેક સ્ટાર્ટઅપ માટે ત્રણ વર્ષ સુધી કોઈ કરવેરા લાગુ કરવામાં આવશે નહીં, તેનું નિરક્ષણ પણ કરવામાં આવશે નહીં.

સ્ટાર્ટઅપ્સનાં વખાણ કરતાં જણાવ્યું કે, યુવાનોને પોતાની પેટન્ટની નોંધણી કરાવવા મફત કાયદાકીય સલાહ આપવામાં આવશે, તે ઉપરાંત તેમાં જ્યાં ફી ભરવાની આવશે તેમાં ૮૦ ટકા સુધી લાભ આપવામાં આવશે. સ્ટાર્ટઅપ માટે ઝીરો ડિફેક્ટ અને ઝીરો ઈફેક્ટ પર ભાર મૂકવામાં આવશે. સરકારી ખાતાઓમાં ખરીદી દ્વારા સ્ટાર્ટઅપને પ્રોત્સાહન આપવામાં આવશે. સ્ટાર્ટઅપ માટે મોબાઈલ એપ અને પોર્ટલ દ્વારા જ રજિસ્ટ્રેશન કરવામાં આવશે. સ્ટાર્ટઅપને ત્રણ વર્ષ સુધી કરવેરામાંથી મુક્તિ અપાશે, તે ઉપરાંત કેપિટલ ગેઈન ટેક્સમાંથી મુક્તિ અપાશે. તેમના માટે ક્રેડિટ ગેરન્ટી ફંડની સ્થાપના કરાશે. ૯૦ દિવસની અંદર નિષ્ફળ સ્ટાર્ટઅપમાંથી બહાર નીકળી શકાશે.

## સ્ટાર્ટઅપ્સ માટે ૧૦ હજાર કરોડનું ફંડ બનાવાશે



**શું છે સ્ટાર્ટઅપ?** સ્ટાર્ટઅપ્સ માટે હાલ ભારતમાં કોઇ ચોક્કસ વ્યાખ્યા સરકાર દ્વારા નક્કી કરવામાં નથી આવી. પણ વિદેશમાં કેટલાક એવા બિઝનેસને સ્ટાર્ટ અપમાં સામેલ કરવામાં આવ્યા છે કે જેમાં શરૂઆત હાલમાં જ થઇ હોય અને ગ્રોથની શક્યતાઓ વધુ હોય અને આ કારણે જ તેમને ફંડ પણ પુષ્કળ મળતું હોય જેમ કે ફ્લિપકાર્ટ (ઇ-કોમર્સ), ઉબેર (ટેક્સી સર્વિસ), બિગરોક (ડોમેન પ્રોવાઇડર્સ) વગેરે. સાદી ભાષામાં કહીએ તો હાલ માત્ર નાનો બિઝનેસ પણ વિસ્તાર બહુ મોટો હોય તો તેને સ્ટાર્ટ અપ બિઝનેસ કહી શકાય. રેસ્ટોરન્ટ ખોલવું કે ફ્રેન્ચાઇઝી લેવી તે સ્ટાર્ટઅપ નથી. એવી શક્યતાઓ છે કે ભારતમાં હેડક્વાર્ટરવાળી અને છેલ્લા પાંચ વર્ષમાં બનાવવામા આવેલી હોય તેવી કંપનીઓને સ્ટાર્ટઅપમાં રાખવામાં આવી શકે છે. એક અંદાજ અનુસાર ભારતમાં હાલ લગભગ ૪,૫૦૦ સ્ટાર્ટઅપ છે. અને સરકારને એવી આશા છે કે ૨૦૨૦ સુધીમાં દેશમાં ૧૧ હજારથી વધુ સ્ટાર્ટઅપ તૈયાર થવાની શક્યતાઓ છે.

- નફો થવા દરમિયાન ત્રણ વર્ષ સુધી સ્ટાર્ટઅપ્સને ટેક્સમાંથી મુક્તિ.
- પોતાની પ્રોપર્ટી વેચીને સ્ટાર્ટઅપમાં રોકાણ કરવા દરમિયાન કેપિટલ ગેઇન ટેક્સમાંથી મુક્તિ.
- શેર માર્કેટવેલ્યૂથી ઉપરનાં રોકાણ પર ટેક્સમાંથી મુક્તિ.
- ૧૦ હજાર કરોડનું ફંડ બનાવવામાં આવશે, જેમાંથી દર વર્ષે ૨,૫૦૦ કરોડ સ્ટાર્ટઅપને આપવામાં આવશે.
- ચાર વર્ષ સુધી પ્રતિવર્ષ ૫૦૦ કરોડનું ક્રેડિટ ગેરન્ટી ફંડ બનાવવામાં આવશે.
- ત્રણ વર્ષ સુધી સ્ટાર્ટઅપ્સનું કોઇ નિરીક્ષણ અને ઇન્સ્પેક્શન કરવામાં નહીં આવે.
- સેલ્ફ સર્ટિફિકેશન આધારિત કોમ્પ્લાયન્સ હશે.
- સ્ટાર્ટઅપ ઇન્ડિયા હબ : સિંગલ પોઇન્ટ ઓફ કોન્ટેક્ટ ડેવલપ કરાશે.
- સ્ટાર્ટઅપ રજિસ્ટ્રેશન માટે ઓનલાઇન પોર્ટલ તથા નાનાં ફોર્મ માટે એપ ડેવલપ કરાશે.
- ઇન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટીરાઇટને રક્ષણ પૂરું પાડવામાં આવશે, તેના માટે આઇપીઆર લાવવાની યોજના છે.
- દેશનાં મોટાં શહેરોમાં કન્સલ્ટેશન માટે મફત કેન્દ્રો શરૂ કરવામાં આવશે.
- પેટન્ટ એપ્લિકેશન ફીમાં ૮૦ ટકા ઘટાડો કરવામાં આવશે.
- નિષ્ફળ સ્ટાર્ટઅપ્સમાંથી ઝડપી નિકાલ માટેની યોજના બનાવાશે.
- ઇનોવેશન માટે સ્ટાર્ટઅપને પુરસ્કાર આપવામાં આવશે.
- 30 જેટલા ઇન્ક્યુબેશન સેન્ટર ખોલવામાં આવશે.
- પાંચ લાખ શાળાઓનાં ૧૦ લાખ બાળકોની ચકાસણી કરી તેમને ઇનોવેશન પ્રત્યે આકર્ષિત અને પ્રોત્સાહિત કરવામાં આવશે.

હવે દેશમાં લાઈસન્સરાજ પૂરું થઈ જશે : જેટલી

## ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન, બજેટમાં સરળ કર-પ્રણાલી લવાશે

એનડીએ સરકાર દ્વારા આગામી મહિને રજૂ કરાનારાં બજેટમાં સરળ કરપ્રણાલી લાગુ કરાશે જેથી સ્ટાર્ટઅપ ઈન્ડિયા અભિયાનને પ્રોત્સાહન પૂરું પાડી શકાય. નાણાપ્રધાન અરુણ જેટલીએ જણાવ્યું કે, ઉદ્યોગસાહસિકતાને પ્રોત્સાહન આપવા માટે આગામી બજેટમાં ઘણા ફેરફાર કરવામાં આવશે. આગામી બજેટ એવી રીતે તૈયાર કરવામાં આવશે જેથી લાઈસન્સરાજનો અંત આવી જાય. તેમણે સ્ટાર્ટઅપ સંમેલન દરમિયાન જણાવ્યું કે, અમે અત્યારથી જ સ્ટાર્ટઅપને પ્રોત્સાહન મળે તેવી કર-પ્રણાલી વિકસાવવાનું કામ શરૂ કરી દીધું છે, કેટલીક પહેલ છે જે નોટિફિકેશન જારી કરીને લાગુ કરવામાં આવે તેમ છે, કેટલીક પહેલ છે જેમને હવે આગળ વધારવા અંગે કામ થઈ રહ્યું છે. સ્ટાર્ટઅપને પ્રોત્સાહન મળે તેવી અન્ય જોગવાઈઓ અને નીતિઓ છે જે આગામી બજેટમાં રજૂ કરી શકાય તેવી છે અને તે લાભકારક રહેશે. કેન્દ્ર સરકાર અને બેંકો સંયુક્ત રીતે સ્ટાર્ટઅપ કંપનીઓ માટે સંસાધનોનું સર્જન કરશે.

**૨૧મી સદી ભારતની છે, જે ચીન કરતાં ઝડપી હશે : સોફ્ટબેંકના સીઈઓ** પેજ-૧૩